### 'ઘર કામની સાથે કમાણી કરવાની આ સુવર્ણ તક છે'-સંગીતાબેન પટેલ-ધોધડકુવા

# મશરૂમની ખેતી જિલ્લામાં ગૃહિણીઓ માટે રોજગારીનું ઉત્તમ સાધન બની છે




**(વૈશાલી જે. પરમાર દ્વારા)**

વલસાડ તા.૦૯: 'ખેતી' શબ્દ સાંભળતાં આપણા મગજમાં ખેતર, ટ્રેક્ટર, ખાતર, જંતુનાશક, રોપણી, લણણી, વરસાદ જેવા દ્રશ્યો ઉભરવા માંડે છે. જો કોઇ કહે કે, આ તમામ ઝંઝટ વગર ઘર બેઠા પણ ખેતી કરી શકાય અને તેમાંથી સારી એવી મુડી પણ રળી શકાય, તો કદાચ માનવામાં જ ન આવે! પરંતુ ખરેખર આવી એક પ્રકારની ખેતી છે - મશરૂમની ખેતી.

મશરૂમ જેને આપણે સામાન્ય રીતે બીલાડીનો ટોપ તરીકે પણ ઓળખીએ છીએ. વૈજ્ઞાનિક રીતે જોવા જઇએ તો આ એક પ્રકારની નરી આંખે જોઇ શકાતી ફુગ છે. મશરૂમમાં રહેલા પોષ્ટિક અને વૈદકિય તત્વોના કારણે દુનિયાભરમાં તેની માંગ છે. આ ખેતી વલસાડ જિલ્લાના ગામોમાં ગૃહિણીઓ માટે રોજગારી મેળવવાનું ઉત્તમ સાધન બની છે.

ગુજરાત સરકાર દ્વારા બહેનોને આત્મર્નિભર બનાવવા માટે ગામમાં જ રોજગારીની તકો ભી થાય અને બહેનો આર્થિક રીતે પગભર બને તે માટે વિવિધ તાલીમો અલગ-અલગ કાર્યક્રમો હેઠળ આપવામાં આવે છે. આવા કાર્યક્રમો પૈકી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ બહેનોના સ્વસહાય જુથ બનાવી તેઓને વિવિધ કૌશલ્યો માટે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના છેવાડે આવેલા વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ધોધડકુવા ગામના સંગીતાબેન કલ્પેશભાઇ પટેલ વર્ષ-૨૦૧૬માં 'જય જલારામ મહિલા મંડળ' નામના સ્વસહાય જુથમાં જોડાયા હતા.

ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે સ્વસહાય જુથને વિવિધ બાગાયતી ખેતી વિશે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ સંગીતાબેન અને તેઓના જુથની તમામ બહેનોએ મશરૂમની ખેતી અંગે પાંચ દિવસીય તાલીમ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પ્રોગ્રામ આસીસ્ટન્ટ પ્રેમિલાબેન આહિરના માર્ગદર્શન હેઠળ મેળવી હતી.

તાલીમ બાદ મંડળની તમામ બહેનોએ સાથે મળીને એક જ સ્થળે મશરૂમની ખેતી શરૂ કરી હતી. વર્ષ જતા ધીરે-ધીરે બહેનો મશરૂમની ખેતીમાં તજજ્ઞ બનતા પોતાના ઘરે અલગ-અલગ ખેતી કરવાની શરુઆત કરી હતી. આજે સતત બે વર્ષથી સંગીતાબેન અને અન્ય બહેનો પોતાના ઘર આંગણામાં જ નાનકડી જગ્યામાં મશરૂમની ખેતી સફળતાપુર્વક કરી રહી છે.

સંગીતાબેન પટેલ મશરૂમની ખેતી અંગે પોતાના અનુભવ જણાવતા કહે છે કે, 'મશરૂમની ખેતીમાં અમારે માર્કેટીંગની જરૂર પડતી નથી, ગ્રાહકો અને દુકાનદારો ઘરે આવીને જરૂરીયાત પ્રમાણે મશરૂમ લઇ જાય છે. તેથી ઘર બેઠા આવક થાય છે. બહેનો માટે આ ખેતી ખુબ લાભદાયક છે. ઘર-પરિવાર કે બાળકો સાથેના સમયનો ભોગ આપવો પડતો નથી. ઘર કામ સંભાળવાની સાથે-સાથે કમાણી કરવાની આ સુવર્ણ તક છે.'

મશરૂમની ખેતી માટે ખાસ વધારે જગ્યાની જરૂર પડતી નથી. આ કામ ઘરના આંગણા કે વાડામાં હવા-ઉજાસ વાળી ઓછી જગ્યામાં પણ સરળતાથી થઇ શકે છે. તેના માટે સામગ્રી રૂપે ૧ કિલો બિયારણ રૂા.૧૩૦/-, ડાંગરના પુળા રૂા.૧૦૦/-, ૨ સફેદ મોટી પ્લાસ્ટીકની બેગ, ૨ કાળી મોટી પ્લાસ્ટીકની બેગ રૂા.૪૦/-, કાર્બેન્ડેઝીમ અને ફોર્મેલીન પાવડર-૩૦ રૂપિયા તથા થોડા વાંસના લાકડા. આમ, લગભગ ૩૦૦ રૂપિયાની આસપાસ કુલ ખર્ચ ૧ કિલો બિયારણના વાવેતર માટે થાય છે.

મશરૂમ ઉત્પાદન માટે સૌ પ્રથમ વાંસની પાલખ તૈયાર કરવામાં આવે છે. જેને સીલીન્ડર કહેવાય છે. ત્યાર બાદ ડાંગરના પુળામાં પાણી, કાર્બેન્ડેઝીમ અને ફોર્મેલીન પાવડરના દ્રાવણમાં ૧૮ કલાક બોળી રાખવામાં આવે છે. પુળાને દ્રાવણમાંથી કાઢી સુકવી સફેદ બેગમાં બીયારણ સાથે ભરવામાં આવે છે. અને કાળી બેગથી ઢાંકી દેવામાં આવે છે. સામાન્ય રીતે ૧ કિલો બિયારણમાં ૨ સિલિન્ડર તૈયાર થાય છે.

ત્યાર બાદ ૨૨ દિવસમાં મશરૂમનો પ્રથમ પાક તૈયાર થઇ જાય. પ્રથમ વખતે ૧૦-૧૦ કિલો મશરૂમ બન્ને સિલિન્ડરમાંથી મેળવી શકાય. મશરૂમ કાઢ્યાના બીજા ૧૦ દિવસ બાદ ૩-૩ કિલો અને ત્રીજી વખતના ૧૦ દિવસ બાદ ફરી ૩-૩ કિલો મશરૂમ મેળવી શકાય છે.

આમ, ફકત એક કિલો બિયારણમાંથી ૨ સિલિન્ડર મારફતે ૩૨ કિલો મશરૂમ ફકત ૪૨ દિવસમાં મેળવી શકાય છે. જેમાં ૧ કિલો મશરૂમનો બજાર ભાવ રૂપિયા રૂા.૨૫૦ થી રૂા. ૩૦૦ સુધી મળે છે. આમ, ૩૦૦/- રૂપિયાના ખર્ચની સામે ૬,૬૦૦/- રૂપિયા આવક થતાં રૂા.૬,૩૦૦/- નો ચોખ્ખો નફો મળે છે.

સંગીતાબેન મશરૂમની ગુલાબી અને સેજોર કાજુ નામની જાતોનું વાવેતર કરે છે. એક સાથે ૫-૫ કિલો મશરૂમનું વાવેતર અવાર-નવાર કરવામાં આવે છે. આમ, ઓછા ખર્ચમાં વધુ આવક અને ઘર બેઠાં મુડી મળતી હોવાના કારણે સંગીતાબેનના સંચાલન હેઠળના જયજલારામ સ્વ-સહાય જુથની તમામ બહેનો છેલ્લા ચાર વર્ષથી પોતાના પરિવારને આર્થિક સહાયરૂપ બની રહ્યા છે.

સંગીતાબેનના પરિવારમાં પતિ-પત્નિ, ૩ બાળકો અને સાસુ-સસરા છે. પતિ ખેતી સંભાળે છે. અને વૃધ્ધ સાસુ-સસરા વહુ-દિકરાની મદદ કરે છે. સંગીતાબેનને ખેતી કામ સાથે ઘર પણ સારી રીતે સંભાળતા જોઇ પરિવારના સભ્યોને તેમના ઉપર ગર્વ છે.

ધરમપુરના અંભેટી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પ્રોગ્રામ આસીસ્ટન્ટ પ્રેમિલાબેન આહિર આ બાબતે જણાવે છે કે, 'બહેનો તાલીમ લીધા બાદ જયારે પગભર બની જાય છે અને પરિવારનો આર્થિક બોજ ઉપાડવા સક્ષમ બને છે. ત્યારે અમારા કેન્દ્ર દ્વારા આપવામાં આવેલી તાલીમ સાર્થક થઇ તેવું મારું માનવું છું. બહેનોને આત્મનિર્ભર બનાવવામાં અમારો થોડા ઘણો ફાળો છે એ જાણીને ગર્વની અનુભૂતી થાય છે.'

સંગીતાબેન અને જય જલારામ સ્વ-સહાય જુથની બહેનો દ્વારા નર્સરી, કિચન ગાર્ડન, વર્મી કંપોસ્ટ, સોફટ ટોયઝ, સ્કીન પ્રીન્ટીંગ, રસ ભરવાની તથા સીવણની પણ તાલીમ અંભેટી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી મેળવી છે. જે તમામનો ઉપયોગ એક અથવા બીજી રીતે કરી રહયા છે.

## મશરૂમની ઉપયોગીતા અને ગુણો

● દુનિયાભરમાં બે હજાર જેટલી મશરૂમની જાતો છે. ભારતમાં ૨૦૦થી વધુ જોવા મળે છે. જો યોગ્ય વાતાવરણ જળવાઇ તો દક્ષિણ ગુજરાતમાં બારે માસ મશરૂમનું ઉત્પાદન મેળવી શકાય છે.

●મશરૂમની કોમળતા, સ્વાદ, સુગંધ, પ્રોટીન, વિટામિનને કારણે આજે હોટલો અને વૈભવી લોકોની થાળીમાં અનિવાર્ય વાનગી બની ગઇ છે.

●આ ઉપરાંત તેના ઉચ્ચ વૈદકિય અને ઓષધિય ગુણોના કારણે હાઇપર ટેન્શન, ડાયાબિટીસ, સ્કર્વી અને હૃદયના રોગીઓ માટે, લાલ રકતકણોની વૃધ્ધિ માટે, ચામડીના રોગો, સંધિવા તથા કેન્સર અને એઇડસ જેવા રોગો માટે પણ ઉપયોગી છે.

●મશરૂમમાં ૮૫ થી ૯૦ ટકા પાણી, ૪ થી ૫ ટકા પ્રોટીન, ૫ ટકા કાર્બોહાઇડ્રેટ, ૦.૪ થી ૦૩ ટકા ખનીજ તત્વો તથા વિટામીન હોય છે.